# ગુણવત્તા, સ્વાસ્થ્ય, સુરક્ષા અને પર્યાવરણીય નીતિ (QHSE)

## અમારી પરિકલ્પના

વિશ્વવ્યાપી બાયરની મુખ્ય સાઈટ્સમાંની એક તરીકે અમારી સ્થિતિ જાળવી રાખી, ચીરસ્થાયી વિકાસ તથા ગુણવત્તા પ્રબંધન પ્રણાલિઓના અમારા વૈશ્વિક સિદ્ધાંતોની સાથે સુસંગત, અમારા ગ્રાહકોને સંતોષ આપતાં કૃષિ–રસાયણો તથા કૃષિ–મધ્યવર્તી ઉત્પાદનોના ઉત્પાદનમાં QHSE વૈશ્વિક અગ્રણી તરીકે માન્યતા પ્રાપ્ત કરવી.

એવું સંસ્થાકીય વાતાવરણ તથા સંસ્કૃતિનું સર્જન કરવું અને જાળવવું, જેમાં અમારા કર્મચારીઓ ઈજા પામ્યા વિના કે વ્યવસાયિક બિમારી ભોગવ્યા વિના કાર્ય કરી શકે અને વ્યાપકપણે સંસ્થા, સમાજ અને પર્યાવરણ માટે સકારાત્મક યોગદાન આપી શકે.

## અમારાં મૂલ્યો

અમે અમારા વ્યવસાયો પર્યાવરણ પ્રતિ સન્માન અને કાળજીથી તથા લોકોના સ્વાસ્થ્ય અને સુરક્ષા સાથે સમાધાન કર્યા વિના સંચાલિત કરીએ છીએ ચાહે એ લોકો, કર્મચારીઓ કે વિશ્વભરના નાગરિકો હોય.

વધતી જતી કાયદાકીય તથા નિયમનકારી આવશ્યકતાઓ અને ઉપયુક્ત આંતર્રાષ્ટ્રીય માપદંડોની પૂર્તિ કરી, અમારી વ્યાવસાયિક પ્રક્રિયાઓને અમે સતત સુધારતા રહીએ છીએ.

અમારા ગ્રાહકોને સફળ બનાવવા તથા અમારા વ્યવસાયમાં મૂલ્યવૃદ્ધિ માટે અમે ઉચ્ચ ગુણવત્તાનાં પ્રોડક્ટ્સ તથા સેવાઓ પ્રસ્તુત કરીએ છીએ. QHSE મુદ્દાઓ પર અમે ખુલ્લા તથા પારદર્શક સંવાદ માટે વાતાવરણ પૂરું પાડીએ છીએ.

અમે માનીએ છીએ કે, અમારી કંપની તથા ગ્રાહકોની આવશ્યકતાઓ સમજવા અને પરિપૂર્ણ કરવા માટે અમારા કર્મચારીઓમાં આવશ્યક કૌશલ તથા સંલગ્નતા હોય એ બેહદ જરૂરી છે.

અમારી પરિકલ્પનાને હાંસલ કરવા માટે અમે આવશ્યક સ્રોતો પ્રદાન કરીએ છીએ.

અમે, – LIFE (Leadership, Integrity, Flexibility & Efficiency) –નેતૃત્વ, પ્રતિબદ્ધતા, લવચીકતા તથા કાર્યકુશલતા જેવાં અમારાં જીવનમૂલ્યોમાં વિશ્વાસ ધરાવીએ છીએ અને વિશ્વભરમાં અમારી કીર્તિ વધારવા માટે અમે તેનું અમે અમારા દૈનિક જીવનમાં પાલન કરીએ છીએ. ગ્રાહક લક્ષ્ય, પ્રયોગીકરણ, સહયોગ તથા વિશ્વાસ જેવા અમારા ચાર વ્યવહારો પર ધ્યાન કેન્દ્રિત કરીને અને સબળ બનાવીને અમે આગળ ઉપર અમારી સંસ્કૃતિને સમૃદ્ધ બનાવીશું.

## અમારી પ્રતિબદ્ધતા

આ નીતિઓનું અનુસરણ કરવા અમે

- QHSE નીતિઓને અમારી વ્યાવસાયિક વ્યુહાત્મકતાઓ અને પ્રક્રિયાઓમાં સંકલિત કરીશું.
- શ્રેષ્ઠ કાર્યપદ્ધતિ, પ્રક્રિયાલક્ષી સંકલિત પ્રબંધન પ્રણાલિ વિકસાવીને, સ્થાપિત કરીને તથા જાળવીને QHSE અસરકારકપણે પ્રબંધિત કરીશું.
- વધતી જતી કાયદાકીય તથા નિયમનકારી આવશ્યકતાઓની પૂર્તિ કરતાં જતાં, પ્રતિબદ્ધતા તથા સુશાસનનાં ઉચ્ચતમ માપદંડો અનુસાર વ્યવહાર કરીશું.
- ઉત્પાદનના સમગ્ર જીવનચક્ર તથા ભૂતકાળના વ્યવહારોથી પર્યાવરણીય પ્રભાવોના QHSE જોખમોનું આકલન તથા પ્રબંધન કરીશું.
- સતત, ચીરસ્થાયી સુધારણા હાંસલ કરવા માટે, QHSE કામગીરીનું મૂલ્યાંકન કરીશું તથા વાર્ષિક તથા લાંબા ગાળા માટેનાં QHSE લક્ષ્યો વિકસાવીશું.
- ઑડિટ્સ દ્વારા આંતરિક તથા બાહ્ય આવશ્યકતાઓ સાથે પૂર્તતાની ચકાસણી કરવા અને ISO 9001, ISO 14001 અને OHSAS 18001 જેવાં આંતર્રાષ્ટ્રીય માપદંડો સાથે પૂર્તતા માટે પ્રયાસ કરીશું.
- સાર્વજનિક અને ગ્રાહકોની અપેક્ષાઓ સાથે અમારા વ્યાવસાયને સંરેખીત કરવા માટે QHSE મુદ્દાઓ તથા કાર્યો, પ્રક્રિયાઓ અને ઉત્પાદનો પર તેમના પ્રભાવ પર ધ્યાન દઈશું
- QHSE જાગરૂકતાને પ્રોત્સાહન આપી તથા માહિતી, પરામર્શ, પ્રશિક્ષણ તથા સલાહ આપીને અમારા વ્યવસાયમાં આંતરિક તથા બાહ્ય હિતધારકોનો વિશ્વાસ વધારીશું.
- અમારા સિદ્ધાંતો પ્રતિ તેમની પ્રતિબદ્ધતા માટે પ્રત્યેક કર્મચારીને ઉત્તરદાયી બનાવીશું.
- પ્રતિબદ્ધ અને શિસ્તબદ્ધ સંયોજિત કાર્ય (ટીમ વર્ક) તથા બધા હિતધારકોની વચનબદ્ધતા મારફત કંપનીને દીર્ઘકાલિક પરિણામો આપીશું.

**કે. આર. શેખર**
**મેનેજિંગ ડાયરેક્ટર**

**નરેન્દ્ર કે. શાહ**
**ડાયરેક્ટર અને સાઈટ મેનેજર**

વાપી, જૂન 2017

## गुणवत्ता, स्वास्थ्य, सुरक्षा और पर्यावरण नीति (QHSE)

**हमारा लक्ष्य**

दुनिया भर में बायर की प्रमुख साइट्स में अपने स्थान को बनाए रखते हुए एग्रोकेमिकल्स और एग्रो इंटरमीडिएट्स के उत्पादन में QHSE उद्योग के दिग्गज के रूप में अपनी पहचान बनाना और चिरस्थायी विकास और गुणवत्ता प्रबंधन प्रणालियों के हमारे वैश्विक सिद्धांतों पर चलते हुए ग्राहकों को संतुष्ट करना।

एक संगठनात्मक माहौल और संस्कृति प्रदान करना और बनाए रखना, जहाँ हमारे कर्मचारी बिना किसी हानि के और कार्य संबंधी अस्वस्थताओं से सुरक्षित रह कर काम कर सकें और संगठन, समाज एवं पर्यावरण की दिशा में सकारात्मक योगदान कर सकें।

**हमारे मूल्य**

हम अपना व्यापार पर्यावरण के प्रति सम्मान और देखभाल की भावना और लोगों के स्वास्थ्य और सुरक्षा के साथ कोई समझौता किए बिना चलाते है, चाहे बात हमारे कर्मचारियों की, ग्राहकों की या दुनिया भर के नागरिकों की हो।

हम सभी कानूनी एवं नियामक आवश्यकताओं और उचित अंतर्राष्ट्रीय मानकों को पूरा या पार करते हुए लगातार अपनी व्यापारिक प्रक्रियाओं में सुधार लाते हैं।

हम अपने ग्राहकों को सफलता दिलाने और अपने व्यापार में मूल्य निर्माण के लिए उच्च गुणवत्ता के उत्पाद और सेवाएँ प्रदान करते हैं। हम QHSE मुद्दों पर खुली और पारदर्शी बातचीत का वातावरण प्रदान करते हैं।

हम समझते हैं कि हमारी कंपनी और ग्राहकों की ज़रूरतों को समझने और पूरा करने के लिए हमारे कर्मचारियों की कुशलता और सहभाग बेहद आवश्यक है।

हम अपने लक्ष्य को प्राप्त करने के लिए आवश्यक संसाधनों की आपूर्ति करते हैं।

हम अपने LIFE (Leadership – नेतृत्व, Integrity – ईमानदारी, Flexibility – नमनीयता और Efficiency – दक्षता) मूल्यों में विश्वास रखते हैं और दुनिया भर में अपनी प्रतिष्ठा को बढ़ाने के लिए अपने दैनिक जीवन में इनका पालन करेंगे। हम अपने व्यवहारों – ग्राहकों पर ध्यान, प्रयोग, सहकार्य और विश्वास पर विशेष ध्यान देते हुए उन्हें और भी मज़बूत बना कर अपनी परंपरा को आगे बढ़ाते रहेंगे।

**हमारी प्रतिबद्धता**

इन सिद्धांतों के पालन के लिए हम

- QHSE सिद्धांतों को व्यापारिक योजनाओं और प्रक्रियाओं के साथ जोड़ेंगे।
- उत्तम कार्यप्रणाली, प्रक्रिया–केंद्रित, समेकित प्रबंधन प्रणाली को विकसित, कार्यान्वित और बनाए रखते हुए QHSE का असरदार प्रबंधन करेंगे।
- अपनी कानूनी या नियामक आवश्यकताओं को लगातार पूरा करते हुए या उनसे आगे बढ़ते हुए लगातार अपनी व्यापारिक प्रक्रियाओं में सुधार लाते रहेंगे और ईमानदारी तथा प्रशासन के उच्चतम मानकों का पालन करेंगे।
- उत्पाद के संपूर्ण जीवन चक्र में व्यापार के QHSE जोखिमों और पिछली प्रक्रियाओं के कारण पर्यावरण पर प्रभाव का मूल्यांकन और प्रबंधन करेंगे।
- QHSE प्रदर्शन का मूल्यांकन करेंगे और निरंतर, चिरस्थायी सुधार के लिए वार्षिक और दिर्घकालिक (लंबी अवधि के) QHSE लक्ष्य विकसित करेंगे।
- लेखा–परीक्षणों द्वारा आंतरिक और बाह्य आवश्यकताओं के अनुपालन की जाँच करेंगे और ISO 9001, ISO 14001 और OHSAS 18001 जैसे अंतर्राष्ट्रीय मानकों के अनुपालन का प्रयास करेंगे।
- अपने व्यापार को समाज और ग्राहकों की उम्मीदों के अनुसार ढालने के लिए QHSE संबंधी समस्याओं को दूर करेंगे और कार्यपद्धतियों, प्रक्रियाओं और उत्पादों पर उनके प्रभावों का समाधान करेंगे।
- QHSE के प्रति जागरुकता बढ़ाना और सूचना, परामर्श, प्रशिक्षण और सलाह द्वारा हमारे व्यापार में अंदरूनी और बाहरी हिस्सेदारों का विश्वास बढ़ाएंगे।
- हमारे सिद्धांतों की ओर प्रतिबद्धता के लिए प्रत्येक कर्मचारी को जवाबदेह बनाएंगे।
- समर्पित और अनुशासित सम्मिलित सहकार्य और सभी हिस्सेदारों के सहभाग के द्वारा कंपनी को चिरस्थायी परिणाम देंगे।

**के.आर. शेखर**
**मैनेजिंग डायरेक्टर**

**नरेन्द्र के.शाह**
**डायरेक्टर एवं साइट मैनेजर**

वापी, जून 2017